0261 27847733 જયંતિભાઈ 2/21



ગુજરાત રાજ્ય માહિતી આયોગ,
અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર ભવન,
પહેલા માળે, સેક્ટર-૧૮,
ગાંધીનગર.

માહિતી મેળવવાના અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૧૯ હેઠળ અપીલ બાબત.

અપીલ : ૮૯/૨૦૦૭-૦૮

નિશાની :----

વિવાદી -

(૧) ભાસ્કરભાઇ વાય ભટ્ટ
શાંતિવન વિદ્યાલય, આજવા રોડ,વડોદરા -૧૯.

(૨) આર્કી. સુરેશ જયસ્વાલ
(સહાયક), ૫૦૨, સ્વસ્તિક સોસાયટી,આજવા રોડ, વડોદરા

વિરુદ્ધ

પ્રતિવિવાદી -

(૧) જાહેર માહિતી અધિકારી
જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી, વડોદરા

(૨) અપીલ સત્તાધિકારી અને જીલ્લા શિક્ષણાધિકારી
જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી,વડોદરા

(૩) જાહેર માહિતી અધિકારી,
જય અંબે વિદ્યાલય, કારેલી બાગ, વડોદરા

(૪) જાહેર માહિતી અધિકારી
નિયામક જય અંબે વિદ્યાલય, કારેલી બાગ, વડોદરા

આર.એન. દાસ, રાજ્ય મુખ્ય માહિતી કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય સમક્ષ

તા. ૨૫-૦૨-૨૦૦૮

ઉપરોક્ત વિવાદીએ તા. ૨૧-૦૫-૨૦૦૭ના રોજ આયોગને બીજી અપીલ કરેલ છે. ઉપરાંત બીજી અપીલ માં તેમણે અપીલ સત્તાધિકારીશ્રી(પ્રતિવિવાદી નં.-૨)ના તા.૧૩-૦૩-૨૦૦૭ ના પ્રથમ અપીલ ના નિર્ણય સામે અને જાહેર માહિતી અધિકારી શ્રી (પ્રતિવિવાદી નં.-૧) ને તેમણે

આપેલ અરજી તબદીલ કરવામાં વિલંબ કરેલ હોવાથી જાહેર માહિતી અધિકારી સામે યોગ્ય કાર્યવાહી કરવા માટે, અપીલ સત્તાધિકારીશ્રીના હુકમ રદ કરવા માટે, અપીલ સત્તાધિકારીશ્રીએ નિષ્ઠાપૂર્વક ફરજનું પાલન ન કરી હોઇ શિસ્તભંગના પગલા લેવા અને તેમણે જે સ્વરૂપમાં માહિતી માંગેલ તે મુજબ કલમ ૭(૬) પ્રમાણે વિના મુલ્યે આપવા હુકમ કરવા રજુઆત કરેલ છે.

સદરહુ અરજીની સુનાવણી આયોગમાં તા. ૨૨-૦૨-૨૦૦૮નાં રોજ રાખવામાં આવેલ. સુનાવણીમાં વિવાદી ગેરહાજર રહેલ છે. પ્રતિવિવાદી નં. ૧ ના પ્રતિનિધિ તથા પ્રતિવિવાદી નં.૨ હાજર રહેલ.

સુનાવણીમાં પ્રતિવિવાદી તરફથી રજુઆત કરવામાં આવએલ કે વિવાદી નં.૧ એ તા. ૦૪-૧૦-૨૦૦૬નાં રોજ માહિતી અધિકાર અધિનિયમ હેઠળ ૨ અરજી (આઇ.ડી.નં.-૪૩ તથા આઇ.ડી.નં.-૪૪) અને તા. ૦૬-૧૦-૨૦૦૬(આઇ.ડી.નં.-૪૫) થી અંબે વિદ્યાલયની તમામ શાળાઓ જે અંગ્રેજી/ગુજરાતી માધ્યમની સ્વનિર્ભર શાળા ચલાવે છે તે બાબતે જુદીજુદી માહિતીની માંગણી કરેલ છે. સુનાવણી દરમ્યાન પ્રતિવિવાદીને પુછતાં કે સંબંધિત અંબે વિદ્યાલય માહિતી અધિકાર અધિનિયમ હેઠળ જાહેર સત્તામંડળ છે કે કેમ. પ્રતિવિવાદીએ રજુઆત કરેલ કે સંબંધિત વિદ્યાલય સ્વનિર્ભર છે અને સરકાર તરફથી અનુદાન મેળવતી નથી. જેથી માહિતી અધિકાર અધિનિયમ હેઠળ તેઓ જાહેર સત્તામંડળ નથી. તેમ છતાં જાહેર સતામંડળ બાબતે જે તે સમયે સ્પષ્ટતા ન હોવાથી અને માહિતી આપવાનાં આશયથી જાહેર માહિતી અધિકારીશ્રી એ તા.૦૩-૧૧-૨૦૦૬ના પત્રથી વિવાદી નં.-૧નાં અરજી શાળાનાં સંચાલકશ્રીને તબદીલ કરેલ. પ્રથમતઃ સંબંધિત શાળા તરફથી ૨૮-૧૧-૨૦૦૬નાં પત્રથી પ્રતિવિવાદીને જણાવેલ કે કાયદાકીય જોગવાઇ અનુસાર તેમની સંસ્થા દ્વારા જે કામગીરીનાં રેકર્ડ પત્રકો વગેરે રજુ કરવાનું હોય તે તેમણે રજુ કરેલ છે. તેમજ સ્કુલ દ્વારા વખતોવખત જે કોઇ હુકમ થયેલ તે પણ પ્રતિવિવાદી પાસે ઉપલબ્ધ છે. તે સંજોગોમાં માહિતી અધિકાર અધિનિયમનાં જોગવાઇ હેઠળ માહિતી માંગેલ છે. તે પ્રતિવિવાદી પાસેથી માંગેલ હોઇ તે વિવાદીને આપવામાં આવેલ હોય તો શાળાને વાંધો નથી.

આ અરજીમાં જણાવ્યા અંગે વિવાદીને સદરહુ માહિતીના હક કે અધિકાર નથી, તેમ છતાં પ્રતિવિવાદીની કચેરીમાં ઉપલબ્ધ હોય અને કાયદા મુજબ આપવા લાયક હોય તેવી તમામ માહિતી આપવામાં શાળા તરફથી કોઇ વાંધો નથી.

પ્રતિવિવાદીએ રજુ કરેલ કે વિવાદીએ માંગેલ માહિતી સંપુર્ણ ઉપલબ્ધ ન હોવાથી અને માહિતી આપવામાં વિવાદીને સંપુર્ણ માહિતી મળી જાય તે આશયથી શાળાનાં સંચાલકને તા.૦૪-૧૨-૨૦૦૬નાં રોજ પત્ર દ્વારા કરવામાં આવેલ. શાળાના સંચાલક તરફથી તા.૦૨-૦૧-૨૦૦૭નાં પત્રથી વિવાદી નં.-૧ ને માહિતી પુરી પાડવામાં આવેલ છે.

પ્રતિવિવાદીએ રજુઆત કરેલ છે કે ઉપરોક્ત કારણથી અને આપવામાં આવેલ માહિતીથી અસંતોષ થવાથી વિવાદીએ પ્રથમ અપીલ કરેલ જેની સુનાવણી તા. ૧૨-૦૧-૨૦૦૭ અને તા.૨૨-૦૨-૨૦૦૭નાં રોજ રાખવામાં આવેલ.

પ્રથમ અપીલની સુનાવણીમાં વિવાદીઓ અને શાળાનાં પ્રતિનિધિઓ હાજર રહેલ. બંન્ને પક્ષકારોને સાંભળ્યા પછી પ્રથમ અપીલ સત્તાધિકારીએ તા. ૧૩-૦૩-૨૦૦૭નાં રોજ હુકમ કરેલ. પ્રતિવિવાદી નં.-૨ એ રજુઆત કરેલ કે વિવાદીને વધુમાં વધુ માહિતી મળે અને જે તેમનાં કચેરીમાં ઉપલબ્ધ નથી તે પણ મળે તે હેતુથી શાળાને માહિતી (વિના મુલ્યે) આપવા માટે હુકમ કરેલ.

જે અન્વયે પ્રતિવિવાદીએ રજુઆત કરેલ કે સંબંધિત શાળા તરફથી ૧૪૩ પાનાની માહિતી વિના મુલ્યે વિવાદી નં-૨ ને ૨૨-૦૨-૨૦૦૭નાં રોજ આપવામાં આવેલ છે.

આયોગની સુનાવણીમાં વિવાદી ગેરહાજર રહેલ હોવાથી તેમની મૌખિક રજુઆત જાણી શકાઇ નથી. તેમના અરજી પરથી અને પ્રતિવિવાદીએ કરેલ રજુઆત ઉપરથી જે શાળાનાં માહિતી વિવાદી નં.-૧એ માંગેલ તે શાળા માહિતી અધિકાર અધિનિયમ હેઠળ જાહેર સત્તામંડળ નથી તેવું ફલિત થાય છે. ઉપરોક્ત સંજોગોમાં સંબધિત શાળા માહિતી અધિકાર અધિનિયમ હેઠળ ત્રાહિત પક્ષકાર ગણાય. આમ હોવાથી જાહેર માહિતી અધિકારીશ્રીને માહિતી અધિકાર અધિનિયમનાં કલમ ૧૧(૧) અને ૭(૭) પ્રમાણે કાર્યવાહી કરવાની હતી. જાહેર માહિતી અધિકારીશ્રીએ સીધી રીતે માહિતી અધિકાર અધિનિયમનાં કલમ ૧૧(૧) નીચે કાર્યવાહી કરેલ નથી પરંતુ વિવાદીની અરજી તબદીલ કરવાની અને શાળાનાં તા.૨૮-૧૧-૨૦૦૬નાં પત્રથી પ્રતિવિવાદી પાસે શાળા લગતી માહિતી ઉપલબ્ધ છે તે વિવાદી નં-૧ને આપવામાં શાળાની સંમતિ લીધી છે. જેથી અપ્રત્યક્ષ રીતે માહિતી અધિકાર અધિનિયમ હેઠળ કલમ ૧૧(૧)ની કાર્યવાહી કરી છે. આ ઉપરાંત પ્રતિવિવાદી નં-૨ ના રજુઆત ઉપરથી જે માહિતી શાળાને લગતી ઉપલબ્ધ હતી નહી તે માહિતી પણ શાળા પાસેથી વિવાદી નં-૧ ને અપાયેલ છે. આમ કરવાથી પ્રતિવિવાદી નં-૨ નાગરીકને માહિતી અપાવવામાં સહાયભુત છે. પરંતુ તેમના તા. ૦૪-૧૦-૨૦૦૬નાં શાળા પર આપેલ પત્ર અને તેમનાં પ્રથમ અપીલના હુકમમાં જાહેર માહિતી અધિકારી, અંબે વિદ્યાલય, વડોદરા તરફથી સમયમર્યાદામાં માહિતી પુરી પાડેલ નહી. માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ મુજબ જે દંડ થશે તેની જવાબદારી માહિતી અધિકારીનાં રહેશે. શાળા જાહેર સત્તામંડળ માહિતી અધિકાર અધિનિયમ હેઠળ ના હોય તો ત્યાં માહિતી અધિકાર અધિનિયમ હેઠળ જાહેર માહિતી અધિકારીની નિમણુકનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. અને માહિતી અધિકાર અધિનિયમ હેઠળ શાળાના કોઇ અધિકારી ઉપર દંડનો પ્રશ્ન રહેતો નથી.

## : હુકમ :

વિવાદીનાં અરજી નામંજુર કરવામાં આવે છે. પ્રતિવિવાદીને કોઇ શાળા અથવા શૈક્ષણિક સંસ્થા માહિતી અધિકાર અધિનિયમ હેઠળ જાહેર સત્તામંડળ ના હોય તો તેમના લગતા માહિતી આપતા પહેલા માહિતી અધિકાર અધિનિયમ કલમ ૧૧(૧), ૭(૭) અન્વયે કાર્યવાહી કરવાની રહેશે. તેમ ઠરાવવામાં આવે છે.

(રવિ નારાયણ દાસ)
રાજ્ય મુખ્ય માહિતી કમિશ્નર
ગુજરાત માહિતી આયોગ,
ગાંધીનગર